## લેસ્ટરમાં કોરોનાવાઇરસ

લેસ્ટરમાં જે લોકોના કોરોનાવાઇરસ (કોવિડ-19) માટેના પરિક્ષણો (ટેસ્ટ) કરવામાં આવે છે, તેઓમાં આ ટેસ્ટ પોઝીટિવ (બિમારીની હાજરી) દેખાવવામાં વધારો થયો છે.

આપણે સૌએ કોરોનાવાઇરસના ફેલાવને અટકાવવામાં મદદ કરવી, અને આપણા સમાજને તેમજ NHS (એનએચએસ)ને સુરક્ષિત રાખવા માટે પગલા લેવા જોઇએ.

**તમને ખુદને તેમજ બીજાઓને પણ સુરક્ષિત રાખવા માટે કૃપા કરીને નીચે મુજબ વર્તો....**



બની શકે ત્યાં સુધી ઘરમાં જ રહો, ફક્ત કામે જવા કે જરૂરી કારણો (દા.ત. સામગ્રી ખરીદવા, બીજાઓની સંભાળ લેવા) માટે બહાર નીકળવું.




તમારા ઘરના માણસો ના હોય તેવા બીજાઓથી હર વખત 2 મીટરનું અંતર રાખો



તમારા હાથ નિયમિતપણે અને કમ સે કમ 20 (વીસ) સેકન્ડ સુધી ધુવો અથવા તો હેન્ડ સેનિટાઇઝર (હાથ સાફ કરવા જંતુ નાશક દ્રવ્ય)નો વપરાશ કરો



જાહેર વાહનોમાં કે બંધિયાર જગ્યાઓમાં, જેમાં કામના સ્થળોનો પણ સમાવેશ થાય છે ત્યાં હંમેશા મોંઢુ ઢાંકેલું રાખો

ઓનલાઇન leicester.gov.uk/coronavirus પર કોરોનાવાઇરસ વિષેના તાજા સમાચાર વિષે માહિતગાર રહો

## તમારી ટેસ્ટ (પરિક્ષણ) કરાવો

જો તમને કોરોનાવાઇરસના લક્ષણ જણાય અથવા તો તમે એવી કોઇ વ્યક્તિની નજીક આવ્યા હોય જેને આ લક્ષણ જણાયા હોય, તો કૃપા કરીને બની શકે એટલું જલદી તમારૂં ટેસ્ટ કરાવી લો.

યાદ રાખો કે કોરોનાવાઇરસના મુખ્ય લક્ષણો શું છે (નીચે જુઓ):



સખત તાવ (શરીરનું ઉંચુ તાપમાન)



નવી ઉધરસ થઇ હોય જે ચાલુ આવ્યા જ કરે



સુંઘવાની સંવેદના ના હોવી



સ્વાદ ના આવવો

**તમારી ટેસ્ટ અહિંથી બુક કરો:**

**ઓનલાઇન પર** **nhs.uk/ask-for-a-coronavirus-test**

**ફોન કરો 119 પર**

જો તમારા ટેસ્ટમાં એવું જણાય કે તમને કોરોનાવાઇરસ છે (પોઝીટિવ), તો તમારે કમ સે કમ 7 (સાત) દિવસ સુધી ઘરમાં જ રહેવું અને તમારી સાથે જે લોકો રહેતા હોય તેઓને 14 (ચૌદ) દિવસ ઘરમાં જ રહેવું જોઇએ.